આજની પ્રાર્થના....

રસવંતા ને શુદ્ધ જીવનમાં,
જ્ઞાનદીપ પ્રગટાવું,
પ્રભુવર તારા પરની શ્રદ્ધા,
પ્રતિપળ ઉજ્જ્વળ રાખું.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૩ | ૨૪ મે, ૨૦૨૧, સોમવાર; વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# રાજસ્થાનમાં ૩૪૧ બાળકો પોઝિટિવ

## તમામ બાળકોની ઉંમર ૦થી ૧૮ વર્ષ સુધીની, ગેહલોત સરકાર એલર્ટ : તમામ કેસ ૧મેથી ૨૧મે દરમ્યાન નોંધાયા

જયપુર,તા.૨૩

કોરોનાની બીજી લહેર હજુ શમી નથી ત્યાં ત્રીજી લહેરના આગમનથી સ્થિતિ વધુ ભયજનક બની છે. રાજસ્થાનના દૌસા ખાતે કોરોનાની ત્રીજી લહેરનું આગમન વર્તાઈ રહ્યું છે. દૌસા ખાતે ૩૪૧ બાળકો કોરોનાની લપેટમાં આવ્યા છે, મતલબ કે ૩૪૧ બાળકોમાં કોરોના સંક્રમણની પૃષ્ટિ થઈ છે. કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને દૌસા જિલ્લા પ્રશાસન એલર્ટ થઈ ગયું છે. દૌસા ખાતે ૩૪૧ બાળકોને કોરોના થયો છે અને તે તમામની ઉંમર ૦થી ૧૮ વર્ષ સુધીની છે. આ તમામ કેસ ૧ મેથી ૨૧ મે દરમિયાન નોંધાયા છે. જિલ્લાના ડીએમના કહેવા પ્રમાણે ૩૪૧ બાળકો કોરોના સંક્રમિત આવ્યા છે પરંતુ તે પૈકીના કોઈની સ્થિતિ સીરિયસ નથી. હાલ કોવિડની ત્રીજી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને દૌસા જિલ્લા હોસ્પિટલને એલર્ટ કરી દેવામાં આવી છે.



આ બધા વચ્ચે રાજસ્થાનના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના અટકાવવા માટે રાજસ્થાન સરકારે યુદ્ધ સ્તરે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તે અંતર્ગત સ્વાસ્થ્ય વિભાગની ટીમ ગામે-ગામ અને ડોર-ટુ-ડોર ફરીને લોકોનો કોવિડ ટેસ્ટ કરશે. ગામોમાં જ કોવિડ સેન્ટર બનાવાશે અને પોઝિટિવ નોંધાય તે દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવશે. આ માટે ઘરે-ઘરે સર્વે અભિયાનની શરૂઆત પણ કરી દેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ત્રીજી લહેર પહેલા જ બાળકોમાં કોરોનાના કેસ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોમાં બાળકોમાં ખૂબ જ ઝડપથી સંક્રમણ ફેલાઈ રહ્યું છે. નિષ્ણાતોના મતે કોરોનાની ત્રીજી લહેર બાળકો માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધારે કોરોના પોઝિટિવ આવશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ સંજોગોમાં દૌસા ખાતે ૩૪૧ બાળકો કોરોનાની લપેટમાં આવ્યા તેથી મુશ્કેલીઓ વધી શકે છે.

# બાળકોને બચાવવા નેઝલ વેક્સિન ગેમ ચેન્જર બનશે

## ડબલ્યુએચઓના ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથનું નિવેદન : કોરોનાની આગામી લહેર બાળકોને નિશાન બનાવી શકે છે

નવી દિલ્હી,તા.૨૩

ભારતમાં હાલ કોરોનાની બીજી લહેરનો કહેર વ્યાપી રહ્યો છે. આ દરમિયાન ત્રીજી લહેરની પણ આશંકા સેવાઈ રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, કોરોનાની આગામી લહેર બાળકોને નિશાન બનાવી શકે છે. વિશ્વભરમા હાલ ૧૨ વર્ષથી ઓછી વયના બાળકોને કોરોનાની રસી આપવામાં આવી નથી. એટલું જ નહીં, ભારતમાં ૧૮ વર્ષથી ઓછી વયના લોકો માટે કોઈ રસી મંજૂર કરવામાં આવી નથી. દરમિયાન, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામિનાથને કહ્યું છે કે, કોરોનાની નેઝલ રસી બાળકો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આ પ્રકારની રસી નાક દ્વારા આપવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે, તે ઈન્જેક્શનની રસી કરતા વધુ અસરકારક છે. આ સાથે તેને લેવી પણ સરળ છે. સૌમ્યા સ્વામિનાથને કહ્યું કે, વધુમાં વધુ શાળાના શિક્ષકોને રસી આપવાની જરૂર છે. આ સાથે તેમણે કહ્યું કે, બાળકોને ત્યારે જ શાળામાં મોકલવા જોઈએ જ્યારે કોમ્યુનિટી સંક્રમણનું જોખમ ઓછું થઈ જાય. સ્વામિનાથને વધુમાં કહ્યું કે, ભારતમાં બનેલી નેઝલ રસી બાળકો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આ રસી બાળકોને લગાવવી સરળ પડશે. આ સાથે, તે શ્વસન માર્ગમાં પ્રતિરોધક શક્તિ વધારશે.

કેન્દ્ર સરકારે શનિવારે કહ્યું હતું કે, બાળકો ચેપથી સુરક્ષિત નથી, પરંતુ એમ પણ કહ્યું હતું કે, હાલ બાળકો પર વાયરસની અસર ઓછી થઈ




રહી છે. જો તમે વિશ્વ અને દેશના આંકડા પર નજર નાંખો તો માત્ર ૩-૪ ટકા બાળકોને જ હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. નીતિ આયોગના (સ્વાસ્થ્ય) સભ્ય વીકે પોલે કહ્યું કે, જો બાળકો કોવિડથી પ્રભાવિત થાય છે, તો કોઈ લક્ષણો દેખાતા નથી અથવા ઓછામાં ઓછા લક્ષણો દેખાશે. તેમને સામાન્ય રીતે હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર હોતી નથી. પરંતુ આપણે ૧૦-૧૨ વર્ષના વયના બાળકો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક કંપનીએ નેઝલ વેક્સિનની ટ્રાયલ શરૂ કરી દીધી છે.

# ઘટાડો : દેશમાં ૨.૪૦ લાખ નવા કેસ

## ૩૭૪૧ દર્દીઓનાં મોત : કુલ સંક્રમિત સંખ્યા ૨ કરોડ ૬૫ લાખ ૩૦ હજાર ૧૩૨ થઈ

નવી દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોનાની બીજી લહેર હવે નબળી પડતી હોય તેમ લાગી રહી છે. કોરોનાથી સંક્રમિત દર્દીઓની સંખ્યા હવે ઝડપથી ઓછી થવા લાગી છે. કોરોનાની આ ગતિ ઓછી હોવા છતાં, મૃત્યુઆંક હજી ઓછો થયો નથી. આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૪૦,૮૪૨ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૩૭૪૧ દર્દીઓનાં મોત નીપજ્યાં છે. કોરોનાના નવા કેસો આવ્યા પછી હવે દેશમાં સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા વધીને ૨ કરોડ ૬૫ લાખ ૩૦ હજાર ૧૩૨ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, કોરોનાના દેશમાં અત્યારો ૨૮ લાખ ૫ હજાર ૩૯૯ સક્રિય કેસ છે, જ્યારે ૨ કરોડ ૩૪ લાખ ૨૫ હજાર ૪૬૭ લોકો સ્વસ્થ થઈને તેમના ઘરે ગયા છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૨ લાખ ૯૯ હજાર ૨૬૬ લોકોનાં મોત નીપજ્યાં છે. મહારાષ્ટ્રમાં પણ કોરોનાથી ઘણી રાહત મળતી દેખાઈ રહી છે. મહારાષ્ટ્રમાં કોવિડ -૧૯ ના ૨૬,૧૩૩ નવા કેસ નોંધાયા છે, જ્યારે સંક્રમણને કારણે ૬૮૨ લોકોનાં મોત નીપજ્યાં છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૫,૫૩,૨૨૫ લોકો સંક્રમિત થયાની પુષ્ટિ કરવામાં આવી છે.



# ૧૫૦૦ની વસ્તીવાળા ગામમાં માત્ર ૧૪ લોકોએ વેક્સિન લીધી

## ડરનાં મારે લગાવી સરયૂ નદીમાં છલાંગ : વેક્સિન અંગે ગ્રામજનોમાં ભ્રમ-ખોફ એ હદે ઘર કરી ગયો છે કે લોકો વેક્સિન ન લેવા માટે કંઇપણ કરી રહ્યાં છે

બારાબંકી,તા.૨૩

કોરોના વેક્સીન અંગે ગ્રામજનોમાં ભ્રમ અને ખોફ એ હદે ઘર કરી ગયો છે કે લોકો વેક્સીન ન લેવા માટે કંઈપણ કરી રહ્યાં છે. હાલમાં એક ઘટના બારાબંકી જિલ્લામાં જોવા મળી. જિલ્લાનાં સિસૌડા ગામમાં વેક્સીન લગાવવા પહોંચેલાં સ્વાસ્થ્ય વિભાગની ટીમને જોઈ લોકો ડરનાં માર્યા સર્યૂ નદીમાં છલાંગ લગાવા લાગ્યા હતાં.

આ નજારો જોઈ સ્વાસ્થ્ય વિભાગની ટીમની હાલત ખરાબ થઈ ગઈ હતી. તેઓ ગ્રામજનોને નદીમાંથી બહાર આવવાં અનુરોધ કરી રહ્યાં હતાં. પણ ગ્રામીણ ન માન્યા. ત્યારે ઉપજિલ્લાઅધિકારીનાં સમજાવ્યાં બાદ ગ્રામજનો નદીમાંથી બહાર આવ્યાં હતાં. ૧૫૦૦ની વસ્તીવાળા ગામમાં માત્ર ૧૪ લોકોએ વેક્સીન લેવાની હિંમત ભેગી કરી.

# હવે, વાવાઝોડા 'યાસ'નો ખતરો

## બંગાળ, ઓડિશા પર ૨૬મીએ વાવાઝોડું ત્રાટકશે : એનડીઆરએફની ૬૫ ટીમ તૈનાત

કોલકાત્તા,તા.૨૩

બંગાળની ખાડી પર શનિવારે ઘટેલા દબાણને લીધે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને બંગલાદેશના કિનારાના વિસ્તારો પર ૨૬મી મેના દિવસે જોરદાર વાવાઝોડું ત્રાટકવાની આગાહી હવામાન વિભાગે રવિવારે કરી હતી.

સંરક્ષણ પ્રવકતાએ જણાવ્યું હતું કે વાવાઝોડું જ્યાં સૌથી વધુ ત્રાટકવાનું છે, એ વિસ્તારોમાં ઝડપથી રાહત અને બચાવકાર્ય માટે નૌસેનાએ પોતાના જહાજો અને વિમાનો તૈયાર રાખ્યા છે. હવામાન ખાતાએ જણાવ્યું હતું કે વાવાઝોડું બુધવારે (૨૬મી મે) સાંજે બંને રાજ્યો પર ત્રાટકશે.

વાવાઝોડાને લીધે પવન ૯૦થી ૧૧૦ કિ. મી. પ્રતિ કલાકની ઝડપે ફૂંકાવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

૨૬મીએ કિનારા નજીકના જિલ્લાઓમાં અમુક સ્થળે ભારેથી અતિભારે અને બંને રાજ્યોમાં અન્ય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડવાની આગાહી કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તોફાન યાસનો સામનો કરવા માટે કરવામાં આવી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી છે. પીએમ મોદીએ તેને લઈને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અધિકારીઓ, ટેલીકોમ, પાવર, સિવિલ એવિએશન, અર્થ સાયન્સ મંત્રાલયોના સચિવો સાથે બેઠક કરી અને તૈયારીઓ પર ચર્ચા કરી છે. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ પણ સામેલ થયા હતા.

# હત્યાના આરોપી કુસ્તીબાજ સુશીલ કુમારની અંતે ધરપકડ

નવી દિલ્હી,તા.૨૩

છત્રસાલ સ્ટેડિયમ મર્ડર કેસમાં વોન્ટેડ અને બે વારના ઓલિમ્પિક મેડલિસ્ટ કુસ્તીબાજ સુશીલ કુમારની રવિવારે પોલીસે દિલ્હીના મુંડકા વિસ્તારમાંથી ધરપકડ કરી છે. સુશીલ સાથે અજય કુમારની પણ ધરપકડ કરવામાં આવી છે. આ વાતની પુષ્ટિ સ્પેશ્યલ સીપી-સ્પેશ્યલ સેલ નીરજ ઠાકુરે કરી હતી. ઠાકુરે કહ્યું કે, કુસ્તીબાજ સુશીલ કુમાર અને તેના સાથીની સ્પેશિયલ સેલની ટીમે ધરપકડ કરી છે. દિલ્હીની રોહિણી કોર્ટે મંગળવારે ઓલિમ્પિકમાં ભારત માટે બે વાર મેડલ જીતી ચૂકેલા અને હત્યા કેસના આરોપી સુશીલની આગોતરી જામીનની અરજી નામંજૂરી કરી હતી. તેનાથી એક દિવસ પહેલા દિલ્હી પોલીસે સુશીલ પર એક લાખ અને સહયોગી અજય પર ૫૦૦૦૦નું ઈનામ જાહેર કર્યું હતું. ત્યારબાદ તેઓએ આગોતરા જામીનની અરજી કરી હતી. છત્રસાલ સ્ટેડિયમ ખાતે ૪-૫ મે દરમિયાન થયેલી હિંસામાં ગ્રીકો રોમન રેસલર સાગરની મોત બાદથી સુશીલ કુમાર ફરાર હતા. એક વિડીયો ફૂટેજ સામે આવ્યા છે જે મેરઠ ટોલ પ્લાઝાના હોવાનું જાણવા મળ્યું છે. સુશીલ કારની આગળની સીટ પર બેઠો જોવા મળે છે, જ્યારે એક શખ્સ કાર ચલાવી રહ્યો છે.


### દુઃખદ અવસાન / ટેલીફોનીક બેસણું



**સ્વ. કેશરબા રામસિંહ રાણા**
સ્વ તા.૨૧-૦૫-૨૦૨૧, શુક્રવાર

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ. કેશરબા રામસિંહ રાણા (ઉ.વ-૯૪) તા.૨૧-૦૫-૨૦૨૧ ને શુક્રવાર ના રોજ વૈકુંઠધામ પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્મા ને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

કુદરતી મૃત્યુ થયેલ છે. તેમા છતા વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં લઈ કોઈપણ પ્રકારની લૌકીકક્રિયા રાખેલ નથી. સર્વગસ્થનું ટેલીફોનિક બેસણું તા.૨૭-૦૫-૨૦૨૧ ને ગુરૂવાર સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે.

:: લિ. ::
રાણા જીવનસિંહ રામસિંહ મો. ૯૯૭૪૪ ૨૧૪૫૭
રાણા નટવરસિંહ રામસિંહ મો. ૯૦૮૧૯ ૨૨૨૭૨
રાણા દશરથસિંહ રામસિંહ મો. ૮૯૮૦૦ ૭૫૨૭૦
રાણા શંકરસિંહ રામસિંહ મો. ૯૦૯૯૯ ૫૧૪૯૯
રાણા કનુસિંહ રામસિંહ મો. ૯૯૦૯૦ ૦૨૧૯૯

સ્થળઃ ધરમપુર(ભુડીયા), તા.જી. ગાંધીનગર



### બેસણું / સુંવાળા (ગામ-સરગાસણ)



સખેદ જણાવવાનું કે, મારા ધર્મપત્ની
**અ.સૌ. સ્વ. ધુળીબેન ડાહ્યાભાઈ પ્રજાપતિ**
તા.૨૧-૫-૨૦૨૧, શુક્રવાર વૈશાખ સુદ-નોમના રોજ દેવલોક પામ્યા છે ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્ગતનું

ટેલિફોનિક બેસણું આજે તા.૨૪-૫-૨૦૨૧, સોમવાર
સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી રાખેલ છે.
સ્થળ : પ્લોટ-૫૯૫/૧, સેક્ટર-૬ બી. ગાંધીનગર

લી.
ડાહ્યાભાઈ નારણદાસ પ્રજાપતિ (પતિ) મો.૭૪૦૫૭૫૯૨૪૦
કમલેશ ડાહ્યાભાઈ પ્રજાપતિ (પુત્ર) મો.૯૦૩૩૨૫૦૭૮૪
મેઘલ કમલેશ પ્રજાપતિ (પુત્રવધુ) મો.૯૬૦૧૦૨૦૨૪૬
પ્રાર્થી કમલેશ પ્રજાપતિ (પૌત્રી) - આરૂષ કમલેશ પ્રજાપતિ (પૌત્ર)

બાબુભાઈ નારણદાસ પ્રજાપતિ — બળદેવભાઈ બાબુભાઈ પ્રજાપતિ
પ્રભુદાસ નારણદાસ પ્રજાપતિ — કલ્પેશ બાબુભાઈ પ્રજાપતિ
સાંકળચંદ નારણદાસ પ્રજાપતિ — જીતેન્દ્ર સાંકળચંદ પ્રજાપતિ
અશોકભાઈ મગનભાઈ પ્રજાપતિ — બિપીન સાંકળચંદ પ્રજાપતિ
પવન પ્રભુદાસ પ્રજાપતિ

પિયર પક્ષ (દંતાલી) નું બેસણું ઉક્ત સ્થળ અને સમયે રાખેલ છે.
સ્વ. ગાંડાભાઈ ખુશાલદાસ પ્રજાપતિ (ભાઈ) — ભરતભાઈ ગાંડાભાઈ પ્રજાપતિ
સ્વ. વિનુભાઈ ગાંડાભાઈ પ્રજાપતિ — વિષ્ણુભાઈ ગાંડાભાઈ પ્રજાપતિ



### ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **પ્રમિલાબેન રશ્મિકાંત પંડ્યા** તા. ૨૩/૫/૨૦૨૧, રવિવારના રોજ વૈકુંઠધામ પામ્યાં છે. **આપ સૌ સ્નેહીજનોને તેમના આત્માના કલ્યાણ અર્થે પ્રાર્થના કરવા વિનંતી છે.**

અમિત રશ્મિકાંત પંડ્યા (પુત્ર)
મો. ૯૮૨૪૦ ૨૭૮૪૬
માધવી અમિત પંડ્યા (પુત્રવધુ)
કુશાગ્ર અમિત પંડ્યા (પૌત્ર)
વૈદેહી જીગર પંડ્યા (પુત્રી)
કિરણબેન બી. પંડ્યા



સરકાર માન્ય
**વાછાણી COVID-19 હોસ્પિટલ**
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569

ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધઃ વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL